# ૩૬ શિક્ષકોને શ્રેષ્ઠ શિક્ષક પારિતોષિક આપી સન્માનિત કરાયા

ગાંધીનગર, તા. ૫

ગુજરાતના રાજયપાલ શ્રી આચાર્ય દેવવ્રતે 'શિક્ષક દિને' રાજ્યભરના ૩૬ શ્રેષ્ઠ શિક્ષકોનું મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીની ઉપસ્થિતીમાં સન્માન કરતા જણાવ્યું હતું કે, ગુરૂજનો સંસ્કારવાન પેઢી નિર્માણનું કાર્ય કરે છે. જેનાથી મહાન રાષ્ટ્રનું નિર્માણ થાય છે. તેમણે જણાવ્યું હતું કે, આવા સંસ્કારિત શિક્ષણ કર્મથી મોટો કોઈ ધર્મ નથી.

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ શિક્ષક સમુદાયને સમાજ ક્રાંતિના સંવાહક ગણાવતાં સ્પષ્ટપણે જણાવ્યું કે નયા ભારતના નિર્માણમાં ગુજરાત શ્રેષ્ઠ શિક્ષણ વ્યવસ્થાથી લીડ લેવા પ્રતિબધ્ધ છે.

પાંચમી સપ્ટેમ્બર શિક્ષક દિને ગાંધીનગરમાં ૩૬ જેટલા શ્રેષ્ઠ શિક્ષકોને રાજ્ય પુરસ્કારો અર્પણ કરવાના રાજયપાલશ્રી આચાર્ય દેવવ્રતજીની ઉપસ્થિતીમાં યોજાયેલા ગૌરવશાળી સમારોહમાં વિજયભાઈ રૂપાણી સંબોધન કરી રહ્યા હતા.



તેમણે શિક્ષક સમાજના શકિત, સામર્થ્યથી ભારત માતાને દુર્ગા જેવી શકિતશાળી અને સરસ્વતી જેવી જ્ઞાનપૂંજ સમાન તેજસ્વી બનાવી જગદગુરૂ તરીકે બિરાજીત કરાવવાનું પ્રેરક આહવાન પણ શિક્ષકોને કર્યુ હતું.

શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહ ચૂડાસમાએ શિક્ષક દિવસની ઉજવણી પ્રસંગે સ્વાગત પ્રવચન કરતાં કહ્યું હતું કે, દેશના આદર્શ શિક્ષક અને પૂર્વ રાષ્ટ્રપતિ ડૉ.સર્વપલ્લી રાધાકૃષ્ણનના જન્મદિવસને ભારત સહિત વિશ્વના ૫૬ દેશો શિક્ષક દિવસ તરીકે ઉજવે છે. ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણનનું નામ ૨૭ વખત નૉબલ પ્રાઈઝ માટે નોમિનેટ કરાયું હતું. જે એક શિક્ષક માટે ગૌરવશાળી બાબત ગણી શકાય. સમગ્ર દેશમાં મહાનુભાવોના જન્મદિવસ અને પૂણ્યતિથિ કોઈના કોઈ હેતુથી ઉજવાતી હોય છે. જેના ભાગરૂપે આ વર્ષે ૨જી ઓકટોબરે ગાંધીજીની ૧૫૦મી જન્મજયંતી ઉજવાઈ રહી છે. વડાપ્રધાનના સ્વચ્છ ભારત અભિયાનને વધુ બળ આપવા આપણે સંકલ્પબદ્ધ બનીએ.

આ પ્રસંગે ગત વર્ષે ધોરણ ૫ થી ૭ની સત્રાંત અને વાર્ષિક પરીક્ષામાં ગુજરાતી, ગણિત અને વિજ્ઞાન/પર્યાવરણ વિષયમાં ૭૫ ટકાથી વધારે ગુણ મેળવનાર વિદ્યાર્થીઓનું શ્રેષ્ઠ વિદ્યાર્થી તરીકે રાજ્યપાલશ્રી અને મુખ્યમંત્રીના હસ્તે પ્રમાણપત્ર આપી સન્માન કરાયું હતું. ઉલ્લેખનીય છે કે, સમગ્ર ગુજરાતમાંથી ૩૦,૮૭૩ પ્રતિભાશાળી વિદ્યાર્થીઓની પસંદગી કરાઈ છે.

રાજ્યમાં બાયૉમેટ્રિક ઓનલાઈન અટેન્ડન્ટ્સ સિસ્ટમ અમલી બનાવવાના ભાગરૂપે આ પ્રસંગે ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે શિક્ષકોને પ્રતિક રૂપે ટેબ્લેટનું વિતરણ કરવામાં આવ્યું હતું.

શિક્ષણ વિભાગના સચિવ ડૉ. વિનોદ રાવે આભારવિધિ કરતાં કહ્યું હતું કે, શિક્ષણ વિભાગ રાજ્યની શાળાઓમાં ૧૦૦ ટકા નામાંકન બાદ હવે ૧૦૦ ટકા હાજરી માટે કટિબદ્ધ છે. રાવે સૌ એવોર્ડ સન્માનિત શિક્ષકો અને વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યા હતા.

## ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણનની જન્મજયંતિએ વિધાનસભા ખાતે યોજાયેલ પૂષ્પાંજલિ કાર્યક્રમ

ગાંધીનગર, તા. ૫

ગુજરાત વિધાનસભા ખાતેના પોડિયમમાં આજે ભારતના રાષ્ટ્રપતિ અને આજીવન શિક્ષક એવા ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણનની ૧૩૧મા જન્મ દિને રાજયના શિક્ષણ મંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ પૂષ્પાંજલિ અર્પણ કરી હતી.



મંત્રી ચૂડાસમાએ આ પ્રસંગે જણાવ્યું કે ભારતના મહાન તત્વચિંતક ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણની સમગ્ર ભારત વર્ષ દર વર્ષે પાંચમી સપ્ટેમ્બરે શિક્ષક દિવસ મનાવે છે. તેમણે જ તેમના જન્મ દિવસને શિક્ષક દિન ઉજવવાની પ્રેરણા આપી હતી.

ડૉ. એસ.રાધાકૃષ્ણનનો જન્મ તા. ૫મી સપ્ટેમ્બર ૧૯૮૮ માં તામિલનાડુના ચેન્નાઈ (મદ્રાસ)થી ૨૦૦ કિ.મી દુર આવેલા તિરૂતાણી નાનકડા ગામમાં નિયોગી બ્રાહ્મણ પરિવારમાં થયો હતો.

અભ્યાસમાં અતિ તેજસ્વી ડૉ.રાધાકૃષ્ણન શિક્ષણ અને જ્ઞાન પ્રાપ્તિ માટે અતિ ધાર્મિક અને પવિત્ર સ્થળ તિરૂપતિમાં રહીને અભ્યાસ કર્યો હતો. ભારતના ધર્મો, સંસ્કૃતિ, ધર્મો - શાસ્ત્રોનો ઉંડાણપૂર્વક અને તુલનાત્મક અભ્યાસ કરીને પુરવાર કર્યું કે ભારતીય સસ્કૃતિની ધાર્મિક વિચારઘારા ચેતના છે. અને ભારતનું આધ્યાત્મિક આધારસ્તંભ ખૂબ જ મજબૂત અને સમૃદ્ધ છે. આજીવન શિક્ષણ ક્ષેત્રેના આ માનવે સમકાલીન રાષ્ટ્રીય પ્રવાહોથી તદૂન અલિપ્ત રહેવાનું યોગ્ય માન્યું ન હતું. કોઈ એક રાજકીય પક્ષની વિચારસરણીના તે પુરસ્કર્તા ન હતા. દેશની આઝાદીના આંદોલનોથી તદૂન પર પણ ન હતા. ૧૯૧૫ મા મહાત્મા ગાંધીજી સાથે મુલાકાત થયા પછી રાષ્ટ્રીય આંદોલનને ટેકો આપતાં અનેક લેખો તેમણે લખ્યા હતા. તેઓએ પશ્ચિમના દેશોમાં ભારતીય વિચારસરણીનું તેજ પ્રસરાવનાર પ્રખર તત્વચિંતક, ગઝબના વકતા, માનવવાદી રાજપુરૂષ અને મહાનલેખકે શિક્ષકો પ્રત્યે પોતાનું ૠણ અદા કરવા પોતાના જન્મ દિવસ તા. ૫મી સપ્ટેમ્બરને શિક્ષક દિન તરીકે ઉજવવા ઈચ્છા વ્યક્ત કરી હતી. તે દિવસથી દર વર્ષે તા.૦૫મી સપ્ટેમ્બરને શિક્ષક દિન તરીકે ઉજવીએ છીએ.

## સે-૪ ખાતે પકડાયેલા ૫.૯૦ લાખના દારુના કેસમાં વોન્ટેડ આરોપી ઝડપાયો

ગાંધીનગર, તા.૫

ગાંધીના ગુજરાતમાં દારુબંધી માત્ર કાગળીયા પર હોય તેમ લાગી રહ્યું છે. ત્યારે પાટનગરમાંથી દારુબંધીના કડક કાયદાની અમલવારી માટે આદેશ કરવામાં આવે છે. તે પાટનગરમાં જ સેકટર-૪ ખાતે આર.આર.સેલ દ્વારા રેઈડ પાડીને દારુનો જથ્થો ઝડપી પાડ્યો હતો. ગત ફેબ્રુઆરી માસમાં પકડાયેલા રૂ.૫.૯૦ લાખના વિદેશી દારુના કેસમાં વોન્ટેડ આરોપીને ગાંધીનગર લોકલ ક્રાંઈમ બ્રાંચના જવાનોએ દબોચી લીધો છે.

પોલીસ પાસેથી મળતી માહિતી મુજબ એલસીબી પીઆઈ નિરજ પટેલની ટીમના પીએસઆઈ ડી.એસ.રાઓલને ખાનગી રાહે બાતમી મળી હતી કે સેકટર-૭ પોલીસ મથકમાં નોંધાયેલા દારુના કેસમાં નાસતો-ફરતો આરોપી અત્યારે હાલ પોતાના ઘરે છે.જેને પગલે એલસીબી પોલીસે વાવોલ હરીનગર સોસાયટી ખાતે રહેતા ભુપેન્દ્ર શાંતિલાલ બામણીયાને પકડી પાડ્યો હતો. આરોપી ૬ માસ અગાઉ પોતાના પરિચીત મનોહરસિંહ બકુલસિંહ ચૌહાણ (રહે.સે-૨૩) સાથે મળીને આશિષ ઉર્ફે ગૌરવ ચૌધરી (રહે.હરીયાણા) પાસેથી દારૂ મંગાવતા હતા. સેકટર-૪ ખાતે વી.આર.પટેલના ગેરેજની જગ્યા રાખી આરોપી અને મનોહર તેમજ પરવેઝ લીયાકત પઠાણ ( રહે. સે-૨૯) વિદેશી દારુનું છુટક વેચાણ કરતો હતો. તે સમયે આરોપી ભુપેન્દ્રના કબ્જા હેઠળની વોકસ વેગન કારમાંથી દારૂનો જથ્થો મળી આવ્યો હતો.એલસીબીએ આરોપીને સે-૭ પોલીસને સોંપતા પોલીસે આરોપીને બુધવારના રોજ કોર્ટમાં રજુ કર્યો હતો. જેમાં સરકારી વકીલ વિમલ કાંટાવાળાએ વિવિધ દલીલો કરીને ૧૦ દિવસના રીમાન્ડ માંગ કરી હતી. જેની સામે કોર્ટે આરોપીના ૬ સપ્ટેમ્બર શુક્રવાર સુધીના રિમાન્ડ મંજુર કર્યા હતા.

### સે-૨ માં પ્રાથમિક શિક્ષકોનું સન્માન કરાયું

પાટનગરમાં શિક્ષક દિનની ઉજવણી ઉત્સાહપૂર્વક થવા પામી હતી. જેમાં શૈક્ષણિક સંસ્થાઓ ઉપરાંત પણ વિવિધ સ્વૈચ્છિક સંસ્થાઓ તથા સ્થાનિક અગ્રણીઓ દ્વારા શિક્ષક દિન ઉજવવામાં આવ્યો હતો. શહેરના વોર્ડ નં. ૮માં સેકટર-૨ ખાતે સરકારી પ્રાથમિક શાળામાં ફરજ બજાવતા શિક્ષકોનું સ્થાનિક કોર્પોરેટર પાયલબેન મેણાત દ્વારા સન્માન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સ્થાનિક અગ્રણી વસંતભાઈ પરમાર અને મેહુલ સોલંકી ઉપસ્થિત રહ્યા હતા.



### ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ દ્વારા વર્તમાન વરિષ્ઠ શિક્ષકોનું સન્માન કરાયુ

શહેરમાં શિક્ષક દિને શાળાઓમાં બાળકોએ શિક્ષકોની જગ્યા લઈ શિક્ષણ કાર્ય સંભાળી ઉજવણી કરી હતી. જો કે સેક્ટર-૭ની માધ્યમિક શાળામાં કંઈક અલગ રીતે જ શિક્ષક દિન ઉજવાયો હતો. જેમાં શાળાની વર્ષ ૧૯૯૭-૧૯૯૮ના વર્ષની બેચના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ શાળામાં આવ્યા હતા અને શાળાના વરિષ્ઠ શિક્ષક રમેશભાઈ સોલંકીનું તેમણે સન્માન કર્યુ હતુ. આ પ્રસંગે તેમણે કેક કટીંગ કરી ઉજવણી પણ કરી હતી.

## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ



**એમ અકળાવ નહીં સાહેબ, અમે હેલ્મેટ વગર વાહન નથી ચલાવતા, ટ્રાફીક સિગ્નલ નથી તોડ્યા, અમે તો ખાલી બે પેગ મારી તીન પત્તી રમીએ છીએ...!!**

## વરસાદ ટાણે વાવોલમાં વિજળી વેરણ થવાનું કયારે બંધ થશે??

ગાંધીનગર, તા.૫

ગાંધીનગરના વાવોલ ખાતે ચોમાસામાં વારંવાર વિજળી ગુલ થવાની સમસ્યા ઉકેલાતી નથી. સામાન્ય વરસાદ કે ઘણીવાર તો થોડો પવન ફુંકાવાની સ્થિતિમાં પણ લાઈટો ચાલી જાય છે જેના કારણે રહીશો ભારે પરેશાનીનો ભોગ બની રહ્યા છે. એક તરફ વાવોલની આસપાસ એપાર્ટમેન્ટસ, ફલેટસ, ટેનામેન્ટસ તથા ડુપ્લેક્ષ અને બંગલા જેવી રહેણાંક સ્કીમો ઝડપથી વિકસી રહી છે તો બીજી તરફ વારંવાર વિજળી ડૂલ થવાની સ્થિતિ સ્થાનિક રહીશો માટે મુશ્કેલી ઉભી કરી રહી છે. આ સમસ્યા અંગે સ્થાનિક રહીશો દ્વારા અનેકવાર ઉત્તર ગુજરાત વીજ કંપનીમાં ફરિયાદો કરવા છતાં વિજતંત્ર દ્વારા આંખ આડા કાન કરવામાં આવે છે જેના કારણે રહીશોમાં રોષની લાગણી પણ પ્રવર્તી રહી છે અને જાણે તંત્રને પુછી રહ્યા છે કે પડખેનું પાટનગર સ્માર્ટ બની રહ્યું છે ત્યારે વાવોલમાં વિજળી વેરણ થવાનું કયારે બંધ થશે?

## દ્રોણાચાર્ય એવોર્ડ પ્રાપ્ત કરનાર ગૌતમ ગંભીરના કોચ સંજય ભારદ્વાજ સાથે ગાંધીનગર સાઈના વિદ્યાર્થી

ગાંધીનગર, તા. ૫

ગત સપ્તાહે ''નેશનલ સ્પોર્ટસ ડે''ના પ્રસંગે ભારતના રાષ્ટ્રપતિ દ્વારા વિવિધ રમતના વરિષ્ઠ પ્રશિક્ષકોને સન્માન્યાં હતા જેમાં ક્રિકેટર કેપ્ટન ગૌતમ ગંભીરના કોચ બનવા માટેના નિયમિત કોર્સનો પહેલા વર્ષથી જ પ્રારંભ કરાયો હતો. આ કોર્સની બીજી બેચમાં સંજય ભારદ્વાજે પ્રશિક્ષણ પ્રાપ્ત કર્યુ હતુ. આ પછી તેઓ દિલ્હી ક્રિકેટીંગ સર્કલમાં ક્રિકેટની રમતના



સંજય ભારદ્વાજને ''દ્રોણાચાર્ય'' લાઈફટાઈમ એવોર્ડથી સન્માનવામાં આવ્યાં હતા. ગૌતમ ગંભીર જેવા વિશ્વ વિક્રમી ખેલાડીની ભારતીય ટીમને ભેટ આપનાર કોચ સંજય ભારદ્વાજ ગાંધીનગર ખાતેના સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ઈન્ડિયાના વિદ્યાર્થી રહી ચુક્યાં છે.

ગાંધીનગરના સેક્ટર-૧૫ ખાતે વર્ષ ૧૯૮૭-૮૮માં સ્પોર્ટસ ઓથોરિટી ઓફ ઈન્ડિયા એટલે કે સાઈની સ્થાપના કરવામાં આવી હતી. સાઈના ક્રિકેટની રમતમાં કોચ કોચ બન્યાં હતા. પોતાની કારકિર્દી દરમ્યાન તેમણે અસંખ્ય ખેલાડીઓને તાલીમ આપી તૈયાર કર્યા છે જેઓ રાષ્ટ્રીય-આંતરરાષ્ટ્રીય સ્તરે રમી ચુક્યાં છે. આ ખેલાડીઓમાં સૌથી સફળ નામ ગૌતમ ગંભીરનું છે જે માત્ર ૧૧ વર્ષની વયે સંજય ભારદ્વાજ પાસે તાલીમ લેવા આવ્યો હતો અને તેમની પાસેથી તાલીમ પામી ભારતીય ક્રિકેટ ટીમમાં સ્થાન મેળવ્યુ અને કેપ્ટન બની ભારતનુ નામ રોશન કરવા સાથે અનેક વિક્રમો પણ સ્થાપ્યા હતા.

## શનિવારે રામદેવપીરના નેજા ચઢાવાશે

સિવિલ હોસ્પિટલ સેકટર-૧૨ના કમ્પાઉન્ડ ખાતે રામદેવપીર ધામમાં શ્રી રામદેવપીર મહારાજના નેજા તથા સંતવાણી કાર્યક્રમ તા. ૬ઠ્ઠી સપ્ટેમ્બર રાત્રે નવ વાગે રાખેલ છે. તા. ૭મી સપ્ટેમ્બર સવારે ૯ થી ૧૨ દરમિયાન રામદેવપીરના નેજા (નિશાન) ચઢાવવામાં આવશે. પહેલો નેજા વાવોલના વિક્રમસિંહ ગોલના હસ્તે ચઢાવાશે ત્યારબાદ ચતુરભાઈ તલવાડી, માજી મામલતદાર, બળદેવભાઈ વાઘેલા, કૈલાશભાઈ મકવાણા, રામજીભાઈ સિસોદીયા, કે.પી. સોલંકી, સુનિલભાઈ એસ. સોલંકી, ભરતભાઈ અંબાલાલ પટેલ, વી.કે. પરમાર ચઢાવશે.

## સાર્વજનિક ગણેશોત્સવ નિમિત્તે જયોતિ મહિલા મંડળ દ્વારા વિવિધ સ્પર્ધા યોજાઈ

ગાંધીનગર, તા.૫

સાર્વજનિક ગણેશોત્સવ



સમિતિ દ્વારા ઉજવાતા ગણેશ મહોત્સવ નિમિત્તે જયોતિ મહિલા મંડળ દ્વારા બહેનો માટે હલદી કંકુ, ભજન, આરતી, સુશોભન, ફુલદાની તથા મોદક સ્પર્ધા યોજાઈ હતી. જેમાં શહેરની ૪૦૦થી વધુ બહેનોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

દર વર્ષની જેમ આ વર્ષે પણ જયોતિ મહિલા મંડળ દ્વારા ગણેશોત્સવ નિમિત્તે શહેરની બહેનો માટે વિવિધ સ્પર્ધા યોજાઈ હતી. દરેક સ્પર્ધામાં ઉત્કૃષ્ટ દેખાવ કરનારને પ્રથમ ત્રણ ક્રમ આપવામાં આવ્યા હતા. જેમાં ભજન સ્પર્ધામાં પ્રથમ ક્રમે ગોપી મંડળ સે-૫-એ, મોદક સ્પર્ધામાં પ્રથમ ક્રમે પ્રીતી



પાઠક, આરતી સ્પર્ધામાં અને ફુલદાની સુશોભનમાં પ્રથમ ક્રમે મિનાક્ષીબેન પરીખ આવ્યા હતા. વિજેતાઓને સંસ્થા દ્વારા





ઈનામ આપી નવાજવામાં આવ્યા હતા.

કાર્યક્રમમાં કૌશલ્યાબેન પટેલ, ડૉ. તેજલ દલાલ, નિશીત વ્યાસ, વર્ષા ઠકકર તથા નિરૂબેન નાયક, પ્રજ્ઞા જોષી, ઈશાની જોષી ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

સંસ્થાના પ્રમુખ ચેતનાબેન બુચ દ્વારા સ્વાગત પ્રવચન કરવામાં આવ્યું હતું.

નિર્ણાયક તરીકે જયોત્સનાબેન બુચ, શર્મિષ્ઠાબેન દવે, સાધના પરમાર તથા સેજલ શાસ્ત્રીએ સેવા આપી હતી. સમગ્ર કાર્યક્રમનું સ્ટેજ સંચાલન ડૉ. વર્ષા પારેખ દ્વારા અને આભારવિધિ હર્ષાબા ધાંધલ દ્વારા કરવામાં આવી હતી.



### સિવિલમાં રકતદાન કેમ્પ યોજાયો

ગાંધીનગર સિવિલ હોસ્પિટલ બ્લડ બેંક ખાતે બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કેમ્પમાં તબિબોથી લઈને વર્ગ-૧ થી વર્ગ-૪ કર્મચારીઓ આ બ્લડ ડોનેશન કેમ્પમાં જોડાઈને ઉત્સાહપૂર્વક રકતદાન કરતા ૭૧ યુનિટ રકત એકત્ર થયું હતું. આ પ્રસંગે દરેક રકતદાતાને પ્રમાણપત્ર એનાયત કરીને સિવિલ તંત્ર દ્વારા સન્માનીત કરાયા હતા.

## શિક્ષક દિને ગુરૂજનોનો ૠણસ્વીકાર શિક્ષક કલ્યાણ નિધિમાં મુખ્યમંત્રીએ ફાળો અર્પણ કર્યો

ગાંધીનગર, તા. ૫

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ પાંચમી સપ્ટેમ્બર શિક્ષક દિને ગુરૂવર્યોના સમાજદાયિત્વનો ૠણસ્વીકાર કરતાં શિક્ષક કલ્યાણ નિધિમાં પોતાનો ફાળો અર્પણ કર્યો હતો. શિક્ષક કલ્યાણનિધિમાં સ્વૈચ્છિક ફાળો લેવા માટે આજે સવારે મુખ્યમંત્રી નિવાસસ્થાને ગાંધીનગરની શાળાના બાળકો પહોચ્યા હતા.

મુખ્યમંત્રીએ તેમની સાથે સહજ સંવાદ સાથે ગુરૂજનો પ્રત્યેના તેમના આદરભાવનું આદાન-પ્રદાન કર્યુ હતું.

આ વેળાએ જિલ્લા કલેકટર એસ. કે. લાંગા, જિલ્લા વિકાસ અધિકારી રાવલ, મ્યુનિસિપલ કમિશનર શ્રીમતી ડૉ. રતનચારણ ગઢવી, જિલ્લા પોલીસ અધિક્ષક મયુર ચાવડા અને અન્ય અધિકારીઓ પણ જોડાયા હતા.


## જાહેર નોટીસ

**અરજદારના વ શ્રી : ડી.આર. ભાવસાર**

**ગાંધીનગરના મે. સાતમા એડી. સીની. સીવીલ જજ સાહેબશ્રીની કોર્ટમાં, મુ. ગાંધીનગર, તા.જી. ગાંધીનગર**

દી.પ. અરજી નં. : ૧૭૬/૨૦૧૯

**અરજદાર :** (૧) દુષ્યતભાઈ પટેલ તે ગુજરનાર અરવિંદભાઈ મનોરભાઈ પટેલના સુપુત્ર

**રહે :** ગામ બી/૫-૧૮૨, સાધના એપાર્ટમેન્ટ, એ.ટી.પી.એલ., અડાલજ, તા.જી. ગાંધીનગર

વિરૂદ્ધ

**સામાવાળા :** કોઈ નહિ

**બાબત :** ઈન્ડિયન સકસેશન એકટની કલમ-૩૭૨ મુજબ જંગમ મિલકત અંગે વારસા સર્ટિફિકેટ મેળવવાની અરજી

આથી લાગતા વળગતા તમામને આ જાહેર નોટીસથી જણાવવામાં આવે છે કે, અરજદારે અત્રેની કોર્ટમાં દિવાની ૫.અરજી નં. ૧૭૬/૨૦૧૯ મુજબ ગુજરનાર શ્રી અરવિંદભાઈ મનોરભાઈ પટેલની નીચે મુજબની જંગમ મિલકત માટે સકસેશન સર્ટીફિકેટ મેળવવાની અરજી કરેલ છે. જેની વિગત નીચે મુજબ છે.

**'શેર-૧૦૭૦ કંપનીનું નામ - હાલનું નામ - હિન્દુસ્તાન યુનીલીવર (જુનુ નામ - હિન્દુસ્તાન લીવર લી.)'**

જેથી અરજદારને વારસાઈ સર્ટીફિકેટ આપવા સામે કોઈપણ ઈસમને કોઈપણ જાતનો વાંધો, તકરાર, હરકત હોય તેમણે અત્રેની કોર્ટમાં તા. ૯/૧૦/૨૦૧૯ના રોજ સવારના ૧૦:૪૫ વાગે જાતે અગર તમારા માહિતગાર કરેલા વકીલશ્રી મારફતે હાજર થઈ તમારા વાંધા રજૂ કરવા. જો તેમ કરવામાં કસુર કરશો તો આગળની ન્યાયિક કાર્યવાહી કરવામાં આવશે જેની નોંધ લેવા વિનંતી.

આજ તારીખ : ૫/૯/૨૦૧૯ના રોજ નામદાર કોર્ટના સહી તથા સિક્કા કરી આપ્યા.

| તૈયાર કરનાર | મુકાબલ કરનાર | કોર્ટનો સિક્કો | હુકમથી |
|---|---|---|---|
| સહી/- | સહી/- | | સહી/- |
| (ચેતના એ.જોષી) | (ડી.પી.જાદવ) | | રજીસ્ટ્રાર |
| (આસીસ્ટન્ટ) | (સુપ્રીન્ટેન્ડન્ટ) | | પ્રિન્સીપાલ એન્ડ સીનીયર સીવીલ કોર્ટ, ગાંધીનગર |